


## સલામી સવારની..

*સભામાં હિસાબ કામનો દઈ નથી શકતા,*
*સભ્યો કે સવાલોનો સામનો કરી નથી શકતા,*
*અભાવ છે હામનો દેખાય છે પલાયનવૃતિ -*
*વિરાટ પ્રતિનિધિત્વને વામન મળી નથી શકતા*
*(વિધાનસભા ના સામનો)*

હાઈકુ

*રેડિયો - ટીવી*
*વરની મા બનીને -*
*કરે વખાણ...*

*વાગે ડાકલાં*
*ધૂણે ખોટા પ્રચારે -*
*ઘરના ભૂવા*

*(ચાર વર્ષની પ્રગતિના પરપોટા)*

## ચિંતન

***અનાવષ્કુર્વન્નવથાત્ ।***

**ઉપરોક્ત સૂત્ર ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**પોતાના ગુણોને પ્રગટ ના કરીને બાળકની જેમ દંભ અને અભિમાનથી રહિત બનવું, કારણ કે બ્રહ્મવિદ્યાની સાથે એવા જ ભાવનો સંબંધ છે.**

**ઉપનિષદમાં પણ બુદ્ધિ બ્રહ્મવિદ્યા માટે બાલભાવમાં સ્થિતિ કરવાનું કહ્યું છે. એનો અર્થ એ કે 'બાળકની અંદર જેવી રીતે અભિમાન, દંભ, છળકપટ, વિકાર તથા વાસનાનો લેશ પણ નથી હોતો તેવી બ્રહ્મવિદ્યાને પામવા માટે અને પામ્યા પછી વિદ્વાને નમ્ર અને નિર્મળ બનવું. એણે બાળકની જેમ નિર્દોષ થઈ જવું.'**

**કેટલાક લોકો આપલડાઈના ખૂબ શોખીન હોય છે પોતાનું જ્ઞાન, સ્વભાવ, ટેવો સદ્‌ગુણો ને હાલતાં-ચાલતાં કોઈ પણ વાતના સંદર્ભ વિના પણ પ્રચાર કરતા રહે છે.**

**માણસે નાના બાળક જેવા નિર્લેપ અને નિર્દોષ - નિખાલસ થવું જોઈએ.**

## સુવિચાર

- જો ચતુર ન બની શકો તો કંઈ વાંધો નહિ, સારા માણસ બની જાઓ - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણી પ્રતિભા દેખાડવા લોકોની પ્રતિભા ઝાંખી પાડવાનો પ્રયત્ન ન કરવો - **વિક્ટર હ્યુગો**
- સંતોષ સ્વાભાવિક સંપત્તિ છે, વિલાસિતા કૃત્રિમ નિર્ધનતા છે - **શેક્સપિયર**
- માનવીનું મન એવું છે કે એ ધ્યેય નક્કી કરે તો એ સિદ્ધ કરે જ - **ડેવિડ સારનોફ**
- સફળતા મેળવવામાં આડે આવે તેવી બધી જ
  નિર્બળતાઓ મારામાં હતી જ- **લેરી એલીસન 'ઓરકેલ'ના સ્થાપક**
- આપણી અપેક્ષાઓ અને ધારણાઓ પ્રમાણેનું જીવન જીવવા દૃષ્ટિકોણ બદલવો જ પડે - **ચિન્મયાનંદ**
- આજનું ઔષધ : તલના તેલમાં બનાવેલું કારેલાનું શાક ૧૫ દિવસ ખાવાથી સંધિવામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

કે.લાલની જૈન ધર્મમાં અખૂટ-અપાર શ્રધ્ધા હતી. એકવાર પૃથ્વી થિયેટરમાં જાદુના ખેલના શૉ હતા. કે. લાલના જાદુ જોવા રાજકપૂર ખુદ આવ્યા. એમને જાદુના ખેલમાં અનોખો આનંદ આવ્યો એટલે પંદર દિવસમાં રાજકપૂરે પાંચ વાર કે.લાલના શૉની મુલાકાત લીધી.

પાંચમી વાર જાદુના ખેલ જોઈને રાજકપૂર ગ્રીનરૂમમાં કે.લાલને મળવા ગયા. અને કહ્યું, 'હું તમારા જાદુથી ખુશ થયો છું. આવતીકાલે મારા બંગલામાં સાંજે પાર્ટી છે. આપ પણ પધારજો.'

કે.લાલના સન્માનમાં અદ્‌ભૂત પાર્ટીનું આયોજન થયું. રાજકપૂર પાર્ટી આપે એટલે મુંબઈના સિનેમા જગતના મહારથીઓની હાજરી હોય. સૌને મોંઘો શરાબ પીરસાયો પણ કે.લાલે પોતાના માટે જ્યુસ મંગાવ્યો. શશીકપૂરે ઊભા થઈ કે.લાલને શરાબનો એક પેગ પીવા આગ્રહ કરતાં કહ્યું, 'રાજ સાબની પાર્ટી હોય અને જો આપ એમનું માન રાખવા એક પેગ પણ ન લો તો અમારા પિતા પૃથ્વીરાજ કપૂર અને અમે ત્રણેય ભાઈઓનું અપમાન થાય.'

કે.લાલે જવાબમાં કહ્યું, 'કપૂર સાહેબ હું શરાબ પીતો જ નથી.' ત્યાં રાજકપૂરે પોતાના જામમાંથી એક ચમચી શરાબ માટે હઠાગ્રહ કર્યો. કે.લાલ અને શશીકપૂર અને રાજકપૂર વચ્ચે જાણે વટનો સવાલ ઊભો થયો. અંતે રાજસાબને ઉદ્દેશીને કે.લાલે ગુસ્સે થઈને કહ્યું, 'આપ કહો છો કપૂર ખાનદાનની ઈજ્જતનો સવાલ છે અને હું મારા ઘરેથી મારી સાત પેઢીની સોગંધ ખાઈને વીસમેં વર્ષે ઘર છોડ્યું ત્યારે જ માતાપિતાને વચન આપ્યું હતું કે હું જૈન ધર્મ પાળીશ અને કાંદા-લસણ, માંસ-મદિરા ને કદી હાથ પણ નહીં લગાડું.' રાજસાહેબે કે.લાલની વિનંતી સાંભળી હઠાગ્રહ બંધ કર્યો.

# ભાજપ ધારદાર વ્યૂહરચના ઘડશે

**તંત્રીસ્થાનેથી...**

આખરે ભારતી જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાઓને અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણીઓને દેશમાં પ્રવર્તી રહેલ ગ્રાઉન્ડ રિયાલિટીનો અહેસાસ થઈ જ ગયો છે. દિલ્હીના સીમાડામાં હરિયાણાના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ સૂરજકુંડ ખાતે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટેની ચિંતન શિબિરમાં પાર્ટીની કથળેલી તબિયત અને લોકપ્રિયતામાં આવેલી ઓટ વિશે પેટછૂટી ચર્ચાઓ થશે. છેલ્લે થયેલ પેટાચૂંટણીઓમાં પાર્ટી અત્ર તત્ર સર્વત્ર ઊંધે માટે પટકાઈ છે અને તમામ પ્રકારના હઠકંડા અપનાવ્યા છતાં માંડ એકાદ-બે બેઠકો જીતી શકી છે. લોકસભાની ૨૦૧૪ની ચૂંટણીઓમાં જીતેલી ઘણી ખરી બેઠકો ગુમાવવી પડી છે જયાં પ્રાદેશિક પાર્ટીઓના ઉમેદવારો વિજયી બનતાં આગામી લોકસભાની ચૂંટણી વખતે આ પ્રાદેશિક પાર્ટીઓના મહાગઠબંધનની શક્યતા વધી ગઈ છે. કોંગ્રેસ ભલે ઘણાં રાજયમોમાં વજૂદ ગુમાવી ચૂકી હોય છતાં એ ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે. જો પ્રાદેશિક પાર્ટીઓ સાથે કોંગ્રેસ કર્ણાટક પૅટર્ન પર ગઠબંધન કરે અને તે પણ ચૂંટણી પૂર્વે - તો ભાજપ માટે ઘણા બધાં રાજયોમાં ઘણી બધી બેઠકો ગુમાવવાની અને પરિણામો પછી સત્તાસ્થાને પહોંચવાની શક્યતા સામે પડકાર ઊભો થઈ શકે એમ છે. વ્યૂહાત્મક રીતે ભાજપ એનો હિંદુત્વ અને રાષ્ટ્રવાદ સહિતનો હુકમનો એક્લો ઊતરી શકે એમ છે. સંઘ પણ આ મુદ્દે એને ભરપૂર મદદ કરે એ સમજી શકાય એમ છે. જો સુપ્રીમ કોર્ટ રાજજન્મભૂમિ મુદ્દે હિંદુીઓની તરફેણમાં ચુકાદો આપશે તો કેન્દ્ર સરકાર તાબડતોબ રામલલાનું મંદિર બનાવવા માટે હિંદુ સંગઠનોને છૂટો દોર આપી શકે. આમ થશે તો વિપક્ષો તરફથી એનો વિરોધ થશે જે દેશભરમાં વધુ એક વખત હિંદુત્વનું પ્રબળ વાવાઝોડું પેદા કરશે. ભાજપ માટે આ સ્થિતિ બહુ જ સાનુકૂળ નીવડી શકે એમ છે. આથી પોતાનાં તમામ સ્રોત સક્રિય કરી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે રામજન્મભૂમિ અંગેનો સર્વોચ્ચ અદાલતનો ચુકાદો હિંદુઓની તરફેણમાં આવે એવા પ્રયાસો થશે. કાશ્મીર મુદ્દે સદંતર નિષ્ફળ રહેલ મોદી સરકાર ચૂંટણી પૂર્વે પાકિસ્તાન પર આક્રમણનો નિર્ણય પણ લઈ શકે. સંઘની સંઘઠન શક્તિનો મુકાબલો કરી શકે એવા સમર્પિત કાર્યકરો કોંગ્રેસ સહિત દેશની કોઈ પણ રાજકીય પાર્ટી પાસે નથી, તે સર્વવિદિત છે. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેટલીક રીતિ-નીતિને કારણે સંઘના જ કેટલાક જૂનાજોગી અને વિશ્વ હિંદુ પરિષદના કેટલાક નીડડેલા આગેવાનો નારાજ છે. તેઓ મોદીના કિન્નાખોરીભર્યા વર્તાવથી કાં તો નિષ્ક્રિય રહેવાનું પસંદ કરે અથવા ભાજપને બોધપાઠ ભણાવવા નકારાત્મક ભૂમિકા પણ ભજવી શકે. ડૉ. પ્રવિણ તોગડિયાનો કિસ્સો જાણીતો છે. સંજય જોષી સંઘના વફાદાર કાર્યકર હોવા છતાં ચૂંટણી વખતે એમને નજરઅંદાજ કરવાથી નુકશાન થઈ શકે. એવું જ પાર્ટીના વખારે નંખાયેલા વરિષ્ઠ કાર્યકરોની અવગણનાથી થઈ શકે. યશવંત સિંહા અને શત્રુઘ્નસિન્હાને પાર્ટી મનાવી શકે એમ નથી. એમના વિકલ્પે નવા નેતાઓ શોધવા પડશે. નીતીશકુમાર સાથે સમાધાન કરીને બિહારમાં સત્તાની ભાગીદારી ભાજપને ભારે પડી છે. ઘાસચારાં કૌભાંડના ચવાઈ ગયેલો મુદ્દો લાલુની પાર્ટી માટે ઊલટાનું સહાનુભૂતિનું વેવ સરજી શકે એમ છે. ભાજપ એના ૨૦૧૪ની ચૂંટણીના સહયોગીઓ ક્રમશઃ ગુમાવતું ચાલ્યું છે. હાલ તો એનડીએ ની હાલત કયારેક ધસમસતી નદી દુકાળ પડતાં સુકાઈ જઈ નાળામાં ફેરવાઈ ગઈ હોય એવી થવા પામી છે. શિવસેના જેવા સમાન વિચારધારા વાળા રાજકીય પક્ષને પણ ભાજપ સામે અને એથી પણ વિશેષ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલી સામે સખત વાંધો છે. હવે મોદી પોતાની 'ગરીબ' તરફી અભિગમ ખુલ્લો પડી ગયો છે. સામે એકલો નહેરુ-ગાંધી પરિવાર નથી. સામે ગરીબોનાં સાચાં હમદર્દ ગણાતાં મમતા બેનરજી અને માયાવતી પણ છે તો વળી યુવાનોનાં પ્રેરણામૂર્તિ સમા અખિલેશ યાદવ પણ છે. ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથ વિરુદ્ધ સામૂહિક આક્રોશ છે અને નજીકના ભવિષ્યમાં યોજાનાર રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢની ચૂંટણીઓમાં કોંગ્રેસનો હાથ ઉપર રહે એવી સંભાવન છે.

# તું એક હિન્દુ મર્દને તારો હમસફર બનાવવા માંગે છે




નિકાહના છ મહિનામાં જ સાયરા પિયરમાં પાછી આવી ગઈ હતી. તેના સૌહર નસીબને એક બીજી ઑરત સાથે પ્યાર થઈ ગયો હતો. તેથી તેને હવે સાયરા ગમતી ન હતી. સાયરાને તે હવે ગાલીગલોચ કરતો રહેતો. કયારેક તેના પર હાથ પર ઉપાડી લેતો હતો. સાયરા તેને મનાવવા અને સમજાવવાનો ઘણો પ્રયાસ કરતી પણ એ તેની એક વાત માનવા તૈયાર ન હતો.

છેવટે જે ન થવાનું હતું એ જ થયું. નસીમે પેલી બીજી ઑરત સાથે નિકાહ કરવા માટે ત્રણવાર ત્રલાક બોલીને સાયરીને ઘરમાંથી કાઢી મુકી.

બેટીના તલાકથી રહીમ દુઃખી હતો. પણ કંઈ કરી શકે તેમ ન હતો. કેમ કે તેના મજહબમાં એમ કરવું જાયજ હતું. મર્દ પોતાની બીબીને ત્રણવાર તલાક બોલીને જયારે ઈચ્છે ત્યારે રિશ્તો તોડી શકે.

રહીમને બેટીના બવિષ્યની ચિંતા સતાવવા લાગી. રહીમ રોજ નિયમિત નમાજ પડતો અને અલ્લાહની બંદગી કરતાં બેટી માટે દુઆ માંગતો. કેમ કે સાયરા જવાબ હતી. રૂપાણી હતી.

આજકાલ બનતા બનાવો સાંભળી રહીમ ધ્રુજી ઊઠ્યો. બેટીને સમાજની બુરી નજરથી બચાવવા શું કરવું તેનો કોઈ રસ્તો તેને દેખાતો ન હતો. સાયરા સામે હજુ આખી જિંદગી પડી હતી. લાંબી જિંદગી ગુજારવા માટે મર્દનો સહારો જરૂરી હતો. તેણે બેટી માટે સૌહરની તલાશ શરુ કરી. પાસ પડોશ અને મહોલ્લામાં વાતો થવા લાગી. આ સાંભળી સાયરાએ એના અબ્બાને કહ્યું, 'અબ્બુ, બીજી વાર નિકાહ કરવામાં મને એતરાજ નથી. પણ આ વખતે હું કોઈ હિન્દુ મર્દથી નિકાહ કરીશ.'

'આ તું શું કહી રહી છે ?' બેટીની વાત સાંભળી રહીમ ચૌંકી ઉઠ્યો, અને આશ્ચર્યથી બોલ્યો. 'શું આપણા મુસ્લિમ ધર્મીઓમાં મર્દોનો અકાળ પડ્યો છે. કે તું એક હિન્દુ મર્દને તારો હમસફર બનાવવા માંગે છે.'

'આપણા ધર્મમાં મર્દોનો અકાળ તો નથી પણ આપણા ધર્મમાં મર્દોને તલાકનો અખત્યાર આપવામાં આવ્યો છે. મર્દ જયારે ચાહે ત્યારે ત્રણ તલાક બોલીને ઔરતને દર દરની ઠોકરો ખાવા ઘરમાંથી બહાર કાઢી મૂકી શકે છે.' સાયરાએ કહ્યું.

'તો શું હિન્દુ મર્દ તને રાખશે ? સાચવશે ?' રહીને માથે હાથ દઈ પૂછ્યું.

અબ્બાની વાત સાંભળી સાયરા બોલી 'હિંદુ મર્દને સૌહર બનાવીશ તો ભલે એ મને મારે પીટે તંગ કરે, પણ પૂરી જીંદગી અપની બનાકર રખ્ખેગા.'

બેટીની વાતનો રહીમ પાસે કોઈ જવાબ ન હતો.

# ચિનારની આગ ભડકી ઊઠી હતી




છત્રીસ વર્ષની ચિનાર શાહ વીસ વર્ષ લાંબી રઝળપાટભરી લાઈફના ફ્લેશબૅક ઉપર નજર કરે છે ત્યારે એને સમજાય છે કે આ બે દાયકામાં તે પોતાના નસીબના પથ્થર પર પોતાનું કહી શકાય એવા એક ઘરનું સરનામું પણ કોતરી શકી નથી.

મુંબઈના મોહંમદઅલી રોડ ઉપર આવેલી એક ગંદી ચાલીની અંધારીયા રૂમમાં ''ધૂલકા ફૂલ'' ખીલ્યું હતું. ગોરી ત્વચા અને માંજરી આંખોવાળી છોકરી. નાનપણથી જ તે સૌની લાડકી બની ગઈ હતી. હુશ્નની ચિનગારી ચાંપી દે એવી છોકરીનું ''ચિનાર'' નામ દાદીમા શબ્બોખાતુને પાડ્યું હતું. રમતિયાળ, વાચાળ અને ચંચળ ચિનાર પરિવારની તો લાડકી હતી જ, પાડોશીઓ પણ તેને રમાડવા માટે લઈ જતા અને રમકડાં વગેરે ચીજો અપાવતા.

ચિનારના અબ્બાજાન હારુન રઝા શાહ પાક નમાઝી ઈન્સાન. જાણે ખુદાનો ફરિસ્તો જોઈ લો. અમ્મીજાન શમીના અખ્તર પણ ભલી બાઈ હતી. હારુનને લોખંડના પીપડાં અને ડબ્બાનો કારોબાર એટલે તે હારુન રઝા શાહ ટીનવાલા તરીકે વેપારીઆલમમાં જાણીતા. ચિનાર મા-બાપનું છઠ્ઠું સંતાન. ત્રણ બહેનો અને બે બાઈ પછી તેનો જન્મ થયેલો. બધા ભાઈ-બહેનો મદ્રેસાની મઝહબી તાલીમ ઉપરાંત શહેરની સરકારી પ્રાઈમરી સ્કૂલમાં ભણવા જતા.

ઘરની નબળી આર્થિક સ્થિતિ અને મજબુરીના કારણે ધોરણ સાત પછી કોઈ આગળ ભણી શક્યું નહોતું. તેર વર્ષની ચિનાર સાતમા ધોરણમાં પાસ થઈ ત્યારે અમ્મીજાનનો ઈન્તેકાલ થયો. બસ ત્યારથી જ કદાચ ચિનારના માથે એક પછી એક આફત શરુ થઈ. અબ્બાજાને સલમા નામની સ્ત્રી સાથે બીજી શાદી કરી હતી અને ઘરમાં નવી માનું રાજ ચાલવા લાગ્યું હતું. હારુને પાંચેય ભાઈ-બહેનને જરી-ભરતના કામે લગાડી દીધા હતા પરંતુ ચિનાર માધ્યમિક શિક્ષાની જીદ કરી રહી હતી. અબ્બાજાનને ઝુકવું પડ્યું હતું. સૌતેલી મા સલમાની હાર થઈ, જે તેની બરદાસ્તની બહાર હતું.

સલમા પાંચ ભાઈ-બહેનમાં ચિનારને સૌથી વધુ નિશાન ઉપર રાખતી. સલમા પોતે સાંવલી હતી અને તેનાથી ચિનારનું રૂપ જોયું જતું નહોતું. ચિનારને સાવકી માની મારઝુડનો સૌથી વધુ ભોગ બનવું પડતું. બધા ચિનારને નૂર-એ-જન્નત કહેતા. પરંતુ તેની ગોરી ચામડી ઉપર મારનાં નિશાન અને ચાઠાં પણ પડી જતાં હતાં. બીજા ભાઈ-બહેનો કમાઈને રૂપિયા ઘરે લાવતા એટલે સલમાને વહાલાં લાગે પણ ચિનાર તો ભણતી હતી, એની કોઈ આવક ન હોવાથી સાવકી મા માટે અળખામણી પણ ખરી.

પાડોશમાં રહેતો અને નવમા ધોરણમાં બે વાર નાપાસ થયેલો સત્તર વર્ષનો નૂર-ઉલ-હસન પંદર વર્ષની ચિનારને અવારનવાર મદદરૂપ બનતો. આસપાસના લોકો એને નૂરુ કહીને બોલાવે. તે સૌનું કામ દોડી દોડીને કરે. એથી જ તે સૌનો વહાલો પણ ખરો. એક દિવસ સલમાએ ચિનારને બપોરના સુમારે માર મારીને ઘરમાંથી ઉઘાડા પગે જ કાઢી મૂકી હતી. દાઝતા પગે ચાલી રહેલી ચિનારને નૂરુએ પોતાના પગમાંથી સ્લિપર કાઢીને પહેરવા આપી દીધી હતી.

ચિનારનું દુઃખડું સાંભળીને તે પોતાના ઘરે લઈ ગયો હતો અને પોતાની વિધવા માને કહીને ચિનારને થોડું ખાવાનું પણ આપ્યું હતું. મોડી સાંજે અબ્બાજાન ઘરે આવી ગયા હશે એમ માનીને ચિનાર ઘરે પાછી ફરી હતી. જો કે અબ્બાજાન તો બહારગામ ગયા હોવાથી બીજા દિવસે આવશે, એવું જાણીને ચિનારના હોશકોશ ઊડી ગયા હતા. હવે શું થશે, એની ચિનારને ખબર પડી ગઈ હતી. સલમાને તો મોકળું મેદાન મળી ગયું હતું. ચિનાર બપોરથી પાડોશી નૂરુના ઘરે રોકાઈ હતી, એવું જાણીને સલમાએ રાત્રે ચિનારને ફરી એક વાર ખુબ મારી હતી.

રાતભર ઘર બહાર ઓટલા ઉપર પડી રહેલી ચિનારની હાલત જોઈને મધરાતે નૂરુ તેને ઓઢાડવા માટે ઘરેથી ચાદર અને થોડુંક ખાવાનું લઈ આવ્યો હતો. આ બધું જોઈને ચિનારની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. ચિનાર અને નૂરુ હવે સરકારી શાળાનું હૉમવર્ક પણ સાથે કરતાં અને હળીમળીને વાતો પણ કરતા. આથી ચાલીના કેટલાક રહીશોની ચુગલીનો વિષય પણ બની ગયાં હતાં. ભણવામાં નબળા નૂરુને ચિનાર મદદ કરતી. આમ સમય જતા બેઉએ બૉર્ડની ઍક્ઝામ પણ ક્લીયર કરી હતી.

એક દિવસ ચાલીમાં વાત હવા બનીને ઊડી હતી કે નૂરુ હારુન રઝા શાહની ચિનારને લઈને ક્યાંક ભાગી ગયો છે. અઢાર વર્ષનો નૂરુ અને સોળ વર્ષની ચિનાર પોતપોતાના ઘરેથી ગુમ હતા. જો કે નૂરુ તો ઘરેથી માને કહીને જ નીકળ્યો હતો. હારુન રઝા શાહે પોલીસને પોતાની સગીર દીકરી ગુમ થવા વિશે જાણ કરી હતી અને શકદાર તરીકે પાડોશી યુવાન નૂર-ઉલ-હસનનું નામ પણ આપ્યું હતું. પરિવારે અને પોલીસે ખુબ શોધખોળ કરી પરંતુ ઊડી ગયેલા બે પંખીનો કોઈ પત્તો નહોતો.

સમય જતા માહોલ શાંત પડ્યો હતો. ચાલીમાં ઊડતી ઊડતી વાત આવી હતી કે નૂરુના એક સંબંધી દિલ્હીમાં રહે છે, ત્યાં નૂરુ અને ચિનારે આશરો લીધો હતો. ચિનાર અને નૂરુએ અરસપરસ પ્રેમનો એકરાર કર્યો હતો. સાથે જીવવા મરવાની કસમો ખાઈ લીધી હતી. ચિનાર નૂરુની મંઝિલ બની હતી તો નૂરુ ચિનાર માટે મકસદ બન્યો હતો. પુરાની દિલ્હીમાં ખાલીદ ચાચાએ પ્રેમી પંખીડાને રહેવા માટે એક અલગ ઓરડી પણ આપી હતી. નૂરુ અને ચિનાર કોઈ બોજ બનીને રહેવા માગતા નહોતા. નૂરુને મનમાં એમ હતું કે આટલું મોટું શહેર છે તો કોઈને કોઈ કામધંધો મળી જશે, રોજગારીમાંથી થોડા રૂપિયા ખાલીદ ચાચાને પણ આપીશ. ધીમે ધીમે ખુદનું મકાન પણ લઈ લઈશું અને ઘર-ગૃહસ્થી વસાવી લઈશું.

દિવસોના દિવસો અને હવે મહિના ઉપર મહિના વીતવા લાગ્યા પણ નૂરુનું ક્યાંય ઠેકાણું પડ્યું નહિ. બેઉ ખાલીદ ચાચા ઉપર બોજ બનીને રહેતા હોવાનું માની રહ્યાં હતાં અને તેમના અહેસાનનો ભાર પણ અનુભવી રહ્યાં હતાં. એક દિવસ ખાલીદ ચાચાએ સલાહ આપી હતી કે નૂરુને નોકરી ના મળે તો ચિનારે પણ નોકરી માટે ટ્રાય કરવી જોઈએ.

''— પણ મને નોકરી આપશે કોણ?'' ચિનારે નોકરી કરવાની તૈયારી બતાવવાની સાથે સવાલ પણ કર્યો હતો.

સત્તર પાર કરવા પહોંચેલી ખુબસૂરત ચિનારના આ સવાલ સામે ખાલીદ ચાચાએ શરારતી અંદાજમાં જવાબનૂમા સવાલ કર્યો હતો કે ''તને નોકરી આપવાનો ઈનકાર પણ કોઈ કરી શકે, ભલા?''

ચિનારને જ્યારે ખબર પડી કે તેને એક લાખ રૂપિયામાં વેચી દેવામાં આવી છે, ત્યારે તો બહુ મોડું થઈ ગયું હતું. દિલ્હીની એક કોઠીમાં તેને લઈ જઈને રાખવામાં આવી હતી. સુખ-સાહ્યબીનો પાર નહોતો. એરકન્ડિશન્ડ કમરા અને એરકન્ડિશન્ડ કાર. રાતના સુમારે ફાઈવસ્ટાર હૉટલના ડાન્સ ફ્લૉર પર પરફૉર્મ કરવું એક રુટિન બની ગયું હતું. ખાલીદ ચાચા કે નૂરુનો હવે કોઈ પત્તો નહોતો. જેમ જેમ ચિનારના રૂપને વસંત આવતી ગઈ તેમ તેમ માલિકો પણ બદલાતા ગયા અને દિલ્હી પછી સિમલા, શ્રીનગર, સિલીગુડી (આસામ), ફૈઝાબાદ, ઉજ્જૈન અને હવે ભોપાલ એમ શહેરો પણ બદલાતા ગયા. અરે! તેનું નામ પણ બદલાતું રહ્યું છે. નવા માલિક, નવું શહેર અને નવું નામ.

''ઘરથી બળેલી વનમાં ભાગી, તો વનમાં લાગી આગ.'' — આ સ્થિતિ ચિનારની છે. ઘર-પરિવારમાં તેને કોઈનો પ્રેમ ન મળ્યો. નૂરુમાં તેને પ્રેમની ખોજ હતી પણ એ'ય દગાખોર નીકળ્યો. ચિનારને પ્રેમ નહિ પણ વાસનાની આગે ચોતરફથી ઘેરી લીધી છે. જો કે ચિનારના દિલમાં હજુ'ય પ્રેમની આગ જલતી રહી છે.

સોળ-સત્તર વર્ષની કુમળી વયે ઘરેથી બંડ પોકારીને નીકળી ગયેલી ચિનારને હવે પરિવાર સાથે કોઈ સંબંધ રહ્યો નથી. લખનૌથી દિલ્હી જતા પહેલા અને ઍરપૉર્ટ પહોંચે તે પહેલા ઍરપૉર્ટ પાસેની ફાઈવસ્ટાર હૉટલમાં તે પોલીસના હાથે ચઢી ગઈ હતી. પોલીસે રેડ પાડીને કેટલાક માલેતુજાર યુવાનો, વેપારીઓને યુવતીઓ સાથે ઝડપી લીધા હતા. યુવતીઓનાં નિવેદન લઈ લઈને સાક્ષી બનાવીને જવા દેવામાં આવતી હતી.

લખનૌ પોલીસ ખાનાપૂર્તિ કરી રહી હતી. મહિલા પોલીસે પૂછ્યું કે ''આપકા નામ, પતા ઔર સબ ડિટેઈલ્સ લિખવાઓ.''

ભુખરી ઝુલ્ફોની રેશમી ઘટાને ઝટકો આપીને સિગારેટ પી રહેલી ચિનારે બેફિકરાઈથી જવાબ આપ્યો હતો કે ''નામ? અરે, મેડમજી, નામ તો કુછ ભી લિખ દો ના. ક્યા ફર્ક પડતા હૈ? ઔર પતાકા પતા ચલતે હી હમ આપકો ખબર કર દેંગે. મેરા પતા તો મૈં ખુદ ઢુંઢ રહી હું. અગર આપકો ભી મિલ જાય તો બતા દેના. યહાં તો રોજ શહર બદલતા હૈ ઔર શહરકે સાથ સાથ નામ ભી બદલતા રહતા હૈ.''

લાચાર અને નિરાશ ચિનાર નિઃસહાય પણ હતી. મહિલા પોલીસ અને બીજા સાંભળનારા સૌ ચિનાર સામે અજબ રીતે જોઈ જ રહ્યાં અને ચિનાર ચક્કર ખાઈને ઢળી પડી.

# વિરહ, મિલન, વિરહ : એક અનંત યાત્રા




(ગતાંકથી ચાલુ)

ભક્તિમાર્ગમાં વિરહની વિવિધ પ્રકારની દસ અવસ્થાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. સ્નેહીજનનો વિરહ ભોગવતી કોઈપણ વ્યક્તિ આ દસ અવસ્થામાથી કોઈપણ એક કે એકથી વધારે અવસ્થાઓમાથી પસાર થતી હોય છે અને તેની વેદના ભોગવતી હોય છે. આ દસ અવસ્થાઓ છે ; ચિંતા, જાગરણ, ઉદ્વેગ, કૃશતા, મલિનાંગતા, પ્રલાપ, વ્યાધિ, ઉન્માદ, મોહ અને મૃત્યુ.

આ દસ અવસ્થાઓમાંની એક અવસ્થા છે ચિંતા. જે પ્રિયજનનો વિરહ સાલતો હોય તેનું મનમાં સતત અને નિરંતર ચિંતન ચાલે. વ્યક્તિનું અન્ય કોઈ જ વિષયમાં કે વ્યક્તિમાં ચિત ના ચોટે તેને ચિંતા કહેવાય. પ્રિયજન શું કરતી હશે, તે સ્વસ્થ હશે કે નહીં, તેને કોઈ જ પ્રકારની મુશ્કેલી તો નહીં હોય ને, તેણે ખાધુંપીધું હશે કે નહીં, આવું અને આ પ્રકારનું સતત ચિંતન કે ચિંતા કર્યા કરવાથી વ્યક્તિના સ્વાસ્થ્ય ઉપર પણ અવળી અસરો થઈ શકે છે.

વિરહની બીજા પ્રકારની અવસ્થા છે જાગરણ. પ્રિયજનના દર્શન માટે, પ્રિયજનની એક માત્ર ઝાંખી માટે વ્યક્તિની આંખો તડપતી રહે છે. આમ થવાથી વિરહીજનની નિંદ્રા હરામ થઈ જાય છે. નિન્દ્રા આવે તો પણ એ ક્ષણિક હોય છે અને નિંદ્રામાંથી પણ વ્યક્તિ પ્રિયજનને યાદ કરીને સફાળી જાગી જતી હોય છે. ક્યારેક સપનાઓમાં પણ વિરહી વ્યક્તિને પ્રિયજનનો ચહેરો જ દેખાય છે.

ત્રીજા પ્રકારની અવસ્થા છે ઉદ્વેગ. પોતાના સ્નેહીજનને મળવા માટે મન સતત વ્યાકુળ રહે, મન ક્યાય ચોટે નહીં, તેને ઉદ્વેગ કહે છે. પ્રિયજનના મિલન માટે તલસાટ અનુભવતી વ્યક્તિનું પોતાનું મન તો ઉદ્વેગમાં રહે જ છે સાથે સાથે પોતાની આસપાસની વ્યક્તિઓને પણ તેના ઉદ્વેગની અસર થાય ચ્હે અને તેને કારણે વાતાવરણ ઉદ્વેગભર્યું બની જતું હોય છે.

વિરહની ચોથા પ્રકારની અવસ્થા છે કૃશતા. વિરહને કારણે નીંદરનો અભાવ, જાગરણ, ખાનપાનમા અરુચિ થઈ જાય છે. આ બધા કારણસર શરીર નબળું, કાંતિહીન અને કૃશ બની જતું હોય છે. આમ થવાથી વ્યક્તિ શારીરિક અને માનસિક રીતે નબળાઈ અનુભવે છે.

વિરહભાવની પાંચમા પ્રકારની અવસ્થા એટલે મલિનાંગતા. જે વ્યક્તિના તન, મન, પ્રાણ અને બાહ્ય શૃંગાર, ટૂંકમાં સર્વસ્વ પોતાના પ્રિયજન માટે જ હોય અને એ જ પ્રિયજન પોતાની પાસે કે સાથે ના હોય, પોતાનાથી દૂર હોય ત્યારે પોતાના શરીર અને શરીરની અવસ્થા પ્રત્યે વ્યક્તિ ઉપેક્ષા સેવે છે પરિણામે મલિનાંગતા આવે છે. આ પ્રકારની આંતરિક અવસ્થા ને કારણે વ્યક્તિનું બાહ્ય વ્યક્તિત્વ વેરવિખેર થઈ જાય છે, છિન્નભીન્ન થઈ જાય છે.

પ્રલાપ છઠ્ઠા પ્રકારની વિરહભાવની અવસ્થા છે. સ્નેહીજનને મળવાની તડપ અને વ્યાકુળતા એકદમ તીવ્ર હોય છે. આ તીવ્રતાને કારણે ક્યારેક એવું બને છે કે વ્યક્તિ પોતાનું માનસિક સંતુલન ગુમાવી બેસે છે. પરિણામે વિરહિજન પોતાના પ્રિયજન સંબંધી અસંબંધ વાર્તાલાપ કરવા માંડે છે. એકલા એકલા, એકાંતમાં તો ક્યારેક જાહેરમાં મનને મનમાં પ્રિયજન સાથે સંવાદ કરવા લાગે છે જેને પ્રલાપ કહેવાય છે.

વિરહભાવની સાતમા પ્રકારની અવસ્થા છે વ્યાધિ. સ્નેહીજનના સતત વિરહને કારણે વ્યક્તિ અનિન્દ્રા, આહાર-અલ્પ અને અનિયમિતતાનો ભોગ બને છે . આમ થવાથી શરીર અસ્વસ્થ રહે છે અને ક્યારેક તાવ ( જવર) જેવા વ્યાધિ કે રોગનો ભોગ બની જાય છે.

પોતાના સ્નેહીજનથી દૂર હોય છે છતાં વ્યક્તિ જ્યારે મન, વાણી અને કાયાથી પોતાના સ્નેહીજન સાથે તન્મયતા સાધે છે ત્યારે વ્યક્તિના સ્નેહાવેશનો અતિરેક થાય છે. આ પ્રકારના અતિરેકને કારણે વ્યક્તિ કેટલાક પ્રકારની ચેષ્ટાઓ કરવા લાગે છે. આ ચેષ્ટાઓ ના સમજાય એવી હોય છે જે અન્ય લોકોને પણ અકળાવે છે. આ અવસ્થાને 'વિરહોન્માદ' કહે છે જે આઠમા પ્રકારની અવસ્થા છે.

વિરહભાવની પરાકાષ્ટાને કારણે વ્યક્તિની સકળ ઈંદ્રિયોમાં શિથિલતા આવી જાય છે. શરીર અને મન કયારેક ચેતનશૂન્ય બની જાય છે આ 'મોહ'ની અવસ્થા છે જે નવમા પ્રકારની અવસ્થા છે.

વિરહભાવની દસમા પ્રકારની અવસ્થા છે મૃત્યુ. વ્યક્તિને જ્યારે પોતાના પ્રિયજનના મિલનની થોડી ઘણી પણ આશા નથી રહેતી ત્યારે વ્યક્તિનું શરીર કે પ્રાણ ટકી રહેવા માટે અશક્ય બની જાય છે. વ્યક્તિને પોતાના સ્નેહીજના વિરહની વેદના મૃત્યુ કરતાં પણ વધારે અસહ્ય લાગે છે. વિરહભાવની આ અવસ્થાને ભક્તિમાર્ગમાં મૃત્યુ કહે છે.

ભક્તિમાર્ગમાં બતાવેલી આ બધી જ અવસ્થાઓનો સાધારણ ભાષામાં અર્થો જુદા હોય શકે જેમ કે 'ઉન્માદ' એ મનની બીમારી છે જ્યારે વિરહીજનનો 'ઉન્માદ' મનની બીમારી નથી. એવી જ રીતે 'મોહ' નો અર્થ પણ સામાન્ય ભાષામાં કરીએ છીએ એવો વિરહભાવની અવસ્થામાં નથી. સામાન્ય ભાષામાં મૃત્યુનો અર્થ આપણે 'મરણ' એવો કરીએ છીએ પણ વિરહભાવની અવસ્થામાં મૃત્યુનો અર્થ 'મરણ' નથી.

(ક્રમશઃ)